For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી પહેલાં જ અનેક બેઠક પર ભાજપ બિનહરીફ

# તા.પં.ની 11 બેઠક પર ભાજપનો કબજો

**જિલ્લા** પંચાયતની 5 અને પહેલી વખત જ્યાં ચૂંટણી થઇ રહી છે, તે નવસારી નગરપાલિકાની બે બેઠક પર ભાજપ

**દર્શન** નાયકની ટિકિટ કપાતા ઓલપાડ તા.પં.ની બે બેઠક કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ જ ન ભર્યું

સુરતઃ ચૂંટણી પહેલા જ દક્ષિણ ગુજરાતની અનેક બેઠકો પર ભાજપનો કબજો થઇ ગયો છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, પાલિકા અને નગર પાલિકામાં ભાજપ બિનહરીફ થયું છે.

સુરત જિલ્લાની વાત કરીએ સાયણ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના દર્શન નાયકની ટિકિટ કપાતા તાલુકા પંચાયતની સાયણ-૧ અને ૩ (સામાન્ય સ્ત્રી અનામત) સીટ પર કોંગ્રેસ ઉમેદવારે ફોર્મ નહીં ભરતા ભાજપના પ્રિતિબેન હેમુભાઈ ઉર્ફે લાલુ પાઠક અને ભૂમિ હરદિપસિંહ મહિડા બિનહરિફ થયા હતા.

### તાલુકા પંચાયત

સાયણ-૧, સાયણ- ૩, વરેલી-૧, અજરાઈ , ભાઠા , બીગરી 1, બીગરી 2, દેવસર 2, માસા , ભીનાર , પનાર

### જિલ્લા પંચાયત

પાલેજ-2 (ભરૂચ), દેવસર (ગણદેવી), બિગરી (ગણદેવી), ઘેજ (ચીખલી)

તરસાડી નગરપાલિકાના વોર્ડ નંબર 1, 2, 4, 5 અને 7માં ભાજપની સામે અન્ય પક્ષો ઉમેદવાર ઊભા રાખવામાં નિષ્ફળ રહેતા સાત બેઠક ભાજપના ખોળામાં આવી ગઈ છે. સુરત જિલ્લાની પલસાણા તાલુકા પંચાયતની વરેલી-૧ બેઠક પર અન્ય કોઈ પક્ષ કે સ્વતંત્ર ઉમેદવારે ફોર્મ ન ભરતા ભાજપના મહિલા ઉમેદવાર નેહાબેન સંજયભાઈ રાઠોડ બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જ્યારે ભરૂચ

### નગરપાલિકા

તરસાડી-7, જંબુસર-3

### નવસારી મનપા

વોર્ડ નં. 8 , વોર્ડ નં. 11

તાલુકા પંચાયતની પાલેજ-2 બેઠક પર ભાજપના ઉમેદવાર ચારુલબેન કુણાલ પટેલ સામે કોઈપણ પક્ષના ઉમેદવારે નોમિનેશન ફોર્મ ભર્યું ન હોવાથી તેમણે બિનહરીફ વિજેતા થયા છે. તેવી જ રીતે મહાનગર બન્યા પછી પહેલી વખત જ્યાં ચૂંટણી થઈ રહી છે તે નવસારી મહાનગર પાલિકાની બે બેઠક પર પ્રતિસ્પર્ધા વગર જ ભાજપનો વિજય થઈ ગયો છે. આ ઉપરાંત અજરાઈ, ભાઠા

બીગરી 1, બીગરી 2, દેવસર 2, માસા ભીનાર, પનાર તાલુકા પંચાયતમાં ભાજપ બિનહરીફ થઈ છે.

# SMC માટે 1060 અને જિ.પં.ના 138 ફોર્મ ભરાયાં

**રાત્રે** 3 વાગ્યા સુધી ફોર્મની ગણતરી ચાલી

**નવી** પેઢીને રસ ઓછો હોય તેમ ગઇ ચૂંટણી કરતા ઓછા ફોર્મ ભરાયા

સુરત: સુરત મહાનગર પાલિકાની આવનારી કોર્પોરેશન ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. શહેરના 30 વોર્ડની કુલ 120 બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતાં કુલ 1060 ફોર્મ નોંધાયા છે. આ આંકડા દર્શાવે છે કે ચૂંટણીમાં તમામ પક્ષો તેમજ સ્વતંત્ર ઉમેદવારો વચ્ચે જંગી સ્પર્ધા જોવા મળશે.

ચૂંટણીમાં મુખ્ય રાજકીય પક્ષોએ ભારે સંખ્યામાં ઉમેદવારો ઊભા રાખ્યા છે. ભાજપએ 512 ફોર્મ, કોંગ્રેસએ 188 ફોર્મ, આમ આદમી પાર્ટીએ 185 ફોર્મ અને અપક્ષ તથા અન્ય પક્ષના મળીને 175 ફોર્મ ભરાયા છે. આ આંકડા મુજબ ભાજપે સૌથી વધુ ઉમેદવારો ઊભા રાખ્યા છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ટક્કર સમાન દેખાઈ રહી છે. અન્ય ઉમેદવારો પણ નોંધપાત્ર સંખ્યામાં મેદાનમાં

અનુસંધાન પાના ૫ પર

### સૌથી વધારે અને ઓછા ભરાયા તે વોર્ડ

વોર્ડ-12 (નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર-મહિધરપુરા) માં સૌથી વધુ 54 ફોર્મ ભરાયા. ત્યારપછી વોર્ડ-18 (લિંબાયત-પરવટ-કુંભારિયા) માં 52 ફોર્મ નોંધાયા. વોર્ડ-13 (વાડીફળિયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા) માં 46 ફોર્મ અને વોર્ડ-30 (કનસાડ-સચિન-ઉન-આભવા) માં 44 ફોર્મ ભરાયા છે. તેવી રીતે ઓછા ફોર્મ ભરાયેલા વોર્ડમાં વોર્ડ-10 (અડાજણ-પાલ-ઇચ્છાપોર) માં માત્ર 22 ફોર્મ, વોર્ડ-17 (પુણા પૂર્વ) માં 25 ફોર્મ અને વોર્ડ-9 (રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર) માં 26 ફોર્મ ભરાયા છે.

### કોર્પોરેશન ચૂંટણી- 2026

સુરત મહાનગર પાલિકાનાં 30 વોર્ડની 120 બેઠકો સામે ભરાયેલા ફોર્મની વિગતો

| | |
|---|---|
| ભાજપ | 512 |
| કોંગ્રેસ | 188 |
| આપ | 185 |
| અન્ય | 175 |
| **કુલ** | **1060** |

### જિલ્લા પંચાયતની 36 બેઠક પર ભરાયેલા ફોર્મ

| | |
|---|---|
| ભાજપ | 61 |
| કોંગ્રેસ | 48 |
| આપ | 24 |
| અન્ય | 05 |
| **કુલ** | **138** |

# આશા ભોંસલેને સુરત સર્કિટ હાઉસનું અથાણું પસંદ હતું

**80** ના દાયકામાં આશા ભોંસલેને સક્સેસના પિક પર સાંભળવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ભીડ ઉમટી હતી

સુરત : વિખ્યાત ભારતીય પ્લેબેક ગાયિકા , ઉદ્યોગ સાહસિક આશા ભોંસલેનું 12 એપ્રિલ 2026 ના રોજ 92 વર્ષની વયે નિધન થયું છે. હિન્દી સિનેમાના મહાન અને સૌથી પ્રભાવશાળી ગાયીકાઓમાં તેઓની ગણના થતી આવી છે.આઠ દાયકાથી વધુની કારકિર્દીમાં, તેમણે 20 જેટલી ભારતીય ભાષાઓમાં ફિલ્મો અને આલ્બમ માટે ગીતો રેકોર્ડ કર્યા હતા.

ભારતીય સંગીત જગતના લેજન્ડરી ગાયિકા આશા ભોંસલેનો સુરત સાથેનો સંબંધ ઘણો જૂનો અને અતૂટ રહ્યો છે. સુરતની કલાપ્રેમી જનતાએ તેમને હંમેશા ઉમળકાભેર વધાવ્યા છે.

આવકવેરા વિભાગના પૂર્વ અધિકારી અને વોઇસ ઓફ રફી ખાન કુમાર કહે છે કે, આશા ભોંસલે તેમના સિંગીંગ કરિયરમાં ત્રણેક વાર સુરતના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યાં હતાં.એમાં ગાંધી સ્મૃતિ ભવનમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન મેં તેઓનો ઇન્ટરવ્યુ લીધો હતો. સુરતના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર એક ઐતિહાસિક મ્યુઝિકલ નાઇટનું આયોજન થયું હતું.

આ કાર્યક્રમમાં આશાજી મુખ્ય સિંગર તરીકે આર.ડી. બર્મન સાથે સ્ટેજ પર હતા. હજારોની મેદની વચ્ચે પંચમ દાના સંગીત નિર્દેશનમાં આશાજીએ તેમના આઇકોનિક બોલિવૂડ ગીતો રજૂ કર્યા હતા. આ સુરતના સંગીત ઇતિહાસની સપ્તર્ષિ દ્વારા સંગીતકાર અવિનાશ વ્યાસને શ્રદ્ધાંજલી અર્પતા કાર્યક્રમ પાંદડું લીલું ને રંગ રાતોમાં આશા ભોંસલે સુરત આવે તો તેઓને સુરત રેલવે સ્ટેશનથી સર્કિટ હાઉસ અને ગાંધી સ્મૃતિથી ફરી મુંબઈ જવા સુરત રેલવે સ્ટેશન મૂકવાની જવાબદારી કદીર પીરઝાદાને સોંપવામાં આવી

અનુસંધાન પાના ૫ પર

### અવિનાશ વ્યાસને સપ્તર્ષિની શ્રદ્ધાંજલિ, પાંદડુ લીલુને રંગ રાતો

આશા ભોંસલે સાથેની સ્મૃતિઓ વાગોળતા સુરતના પૂર્વ મેયર અને સપ્તર્ષિસંયોજક પૈકીના એક કદીર પીરઝાદા કહે છે કે, સપ્તર્ષિના જનક કવિ અમર પાલનપુરી એ વિચાર રજૂ કર્યો હતો કે,ગુજરાતી સુગમ સંગીતના અમર સંગીતકાર અવિનાશ વ્યાસને શ્રદ્ધાંજલી આપવા એક કાર્યક્રમ યોજાવો જોઇએ અને એમાં આશા ભોંસલે આવે.એ સમયે અમરભાઇ સાથે હું,રાજેશ દેસાઈ અને કુકુલ તારમાસ્તર સક્રિય હતાં. અમે વાત મૂકી અને તેઓ આવવા માટે સહમત થયા.આ કાર્યક્રમમાં અવિનાશ વ્યાસના પુત્ર ગૌરાંગ વ્યાસ,ગાયક પુરુષોતમ ઉપાધ્યાય અને અન્ય મહાન ગુજરાતી ગાયકો એ કાર્યક્રમ રજૂ કર્યો હતો.આશા ભોંસલે એ પોતાના લોકપ્રિય સંગીતકાર અવિનાશ વ્યાસના સંગીતમાં ગાયેલું ગીત પાંદડું લીલું ને રંગ રાતો કાર્યક્રમને અનુરૂપ માહોલ બનાવ્યો હતો. કદીરભાઈ કહે છેઆ કાર્યક્રમનું નામ જ અમે પાંદડું લીલું ને રંગ રાતો રાખ્યું હતું.

### કાર્યક્રમના પેમ્પલેટ પાઇપર વિમાનમાં ફેંકવામાં આવ્યા હતા: કદીર પીરઝાદા

સપ્તર્ષિ સાથે સંકળાયેલા સુરતના માજી મેયર કદીર પીરઝાદા કહે છે કે,આર.ડી. બર્મન નાઇટનો પ્રચાર સુરતમાં અનોખી રીતે થયો હતો. ફ્લાઈંગ ક્લબ દ્વારા સુરત શહેરમાં નાના પાઇપર વિમાનમાં કાર્યક્રમના પેન્ફ્લેટ ફેંકવામાં આવ્યા હતા. આશા ભોંસલે આ કાર્યક્રમના મુખ્ય સિંગર હતા.

### આશા ભોંસલેના સુરતમાં યોજાયેલા કાર્યક્રમો

(1)પ્રથમ મુલાકાત: ૧૯૭૦-૮૦ના દાયકામાં (પંચમ દા સાથે) આર.ડી. બર્મન નાઇટમાં આશા એ ચાર ચાંદ લગાવ્યા હતા.

(2) બીજી મુલાકાત: ૧૯૮૦ના દાયકાના મધ્યમાં સંગીતકાર અવિનાશ વ્યાસને શ્રદ્ધાંજલી અર્પતા કાર્યક્રમપાંદડું લીલું ને રંગ રાતો માં શ્રદ્ધાંજલી આપવા હાજરી આપી હતી.

અનુસંધાન પાના ૫ પર

### વરાછાની આશા ભોંસલે નાઇટમાં હકડેઠઠ મેદની ઉમટી હતી

વર્ષો પછી પણ આશાજીનો અવાજ અને ઉત્સાહ અકબંધ રહ્યો છે. વિતેલા વર્ષોમાં (અંદાજે ૨૦૧૫-૧૬ ની આસપાસ) તેઓ ફરી એકવાર સુરત આંગણે આવ્યા હતા.સુરતના વરાછા રોડ પુરુષોત્તમ જીનિંગ મિલ કમ્પાઉન્ડમાં આશા ભોંસલે નાઇટ યોજાઈ હતી.એમાં યુવા ગાયક જાવેદ અલી સાથે પર્ફોર્મ જોવા મળ્યા હતા.આશા ભોંસલે લાઈવ સુરત (મેગા ઇવેન્ટ)માં તેમણે જાવેદ અલી સાથે ડ્યુએટ ગીતો ગાયા હતા. આ સમયગાળા દરમિયાન આશાજીએ

અનુસંધાન પાના ૫ પર

# સુરત રનવે પર શિયાળ કચડાયું? મામલો દાબી દેવાનો પ્રયાસ?

**હૈદરાબાદથી** સુરત આવેલી ફ્લાઇટના પાયલટે રનવે પર પ્રાણી ફરી રહ્યું હોવાનો SOSને કોલ કર્યો

**વેંચુરા** એર કનેક્ટના પાયલટે પ્રાણીના બે કટકા પડ્યા હોવાની જાણ કરી

સુરતઃ ગત બુધવારે સવારે હૈદરાબાદથી સુરત આવેલી ખાનગી એરલાઇન્સની ફ્લાઇટનું એરક્રાફ્ટ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ થઈ રહ્યું હતું ત્યારે

ફ્લાઈટના પાયલટે રનવે પર પ્રાણી ફરી રહ્યું હોવાનો SOS કોલ કર્યો હોવાની વિગતો બહાર આવી છે.

એરપોર્ટ ઓથોરિટી એ આ મામલો દાબી દેવા ભરચક પ્રયાસ કર્યો હોવા છતાં આ મામલો જુદા જુદા વિભાગોની તપાસને પગલે બહાર આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ બુધવારે વહેલી સવારે હૈદરાબાદથી ટેક ઓફ ઠીક એક કલાક 45 મિનિટમાં સુરત એરપોર્ટ લેન્ડ થવા જઈ રહેલી ફ્લાઈટના પાયલટ એ એટીસી સુરતને રનવે પર કોઈ પ્રાણીની હિલચાલ જોઈ હતી.

આ ફ્લાઈટ પછી વેન્ચુરા એર કનેક્ટની ફ્લાઈટની મૂવમેન્ટ હોવાથી વેન્ચુરાના પાયલટ સુરત એરપોર્ટના રનવે પર શિયાળના બે કટકા પડ્યા હોવાની જાણ કરી હતી. એ પછી તંત્રની દોડધામ વધી હતી.એરપોર્ટ ઓથોરિટી એ તાત્કાલિક સુરત રનવે થોડોક સમય ક્લોઝ કરી વન વિભાગ સુરતને જાણ કરી શિયાળના શરીરના બે ટુકડાઓ,માસના લોચાઓ કબજે લઈ એરપોર્ટ પરિસરમાં શિયાળ જેવા પ્રાણી પકડવા પાંજરાઓ મૂક્યા હતા. વન વિભાગના ત્રણ અધિકારીઓએ એરપોર્ટના એર ઓપરેશનલ એરિયાની તપાસ કરી વિભાગીય એહવાલ રજૂ કર્યો હતો.કહે છે એમાં શિયાળ વિમાન અડફેટે આવી ગયું હોવાનું કહેવામાં આવ્યું હતું.

આ ઘટના પછી સવારે હૈદરાબાદથી સુરત આવેલી ફ્લાઇટ સુરત એરપોર્ટ

અનુસંધાન પાના ૫ પર

## ઉમેદવારોની મિલકતના સોગંદનામામાં ચોંકાવનારા આંકડા

# પાંચ જ વર્ષમાં અમિત રાજપૂત ફ્લેટમાંથી બંગલાના માલિક

**પત્ની** પાસે 3 તોલા સોનું હતું તે વધીને 40 તોલા થઇ ગયું

સુરતઃ ડિંડોલી વિસ્તારના ભાજપના સતત વિવાદમાં રહેતા કોર્પોરેટરના એફિડેવિટના આંકડાઓ પર નજર કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં તેમની સંપત્તિમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું સામે આવ્યું છે.

વર્ષ 2021માં આપેલી એફિડેવિટ મુજબ તેમના હાથમાં માત્ર 4,16,588 રોકડ અને બેંકમાં 45,109 જમા હતા. તે સમયે તેમના નામે એક પણ વાહન નહોતું અને સોનાની પણ કોઈ મિલકત નહોતી. તેમની પત્ની પાસે અંદાજે 30 ગ્રામ, રૂ.1.44 લાખનું સોનું હતું. સાથે જ તેમના નામે માત્ર એક ફ્લેટ હતો, જેની કિંમત આશરે 11.33 લાખ દર્શાવવામાં આવી હતી. પરંતુ વર્ષ 2026માં આપવામાં આવેલી તાજી એફિડેવિટ મુજબ ચિત્ર સંપૂર્ણપણે બદલાયેલું જોવા મળે છે. હાલમાં તેમના હાથમાં 2,41,553 રોકડ અને બે અલગ-અલગ બેંકોમાં કુલ 3,39,165 જમા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત હવે તેમની પાસે એમજી વિન્ડસર કાર અને એક મોપેડ છે, જ્યારે તેમની પત્ની પાસે કિયા કાર દર્શાવવામાં આવી છે. સોનાની મિલકતમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. અગાઉ એક પણ ગ્રામ સોનું ન ધરાવતા કોર્પોરેટર પાસે હવે 100 ગ્રામ એટલે

અનુસંધાન પાના ૫ પર

| નામ | વર્ષ | રોકડ (લાખ) | બેંક બેલેન્સ | સોનું | વાહનો | મુખ્ય મિલકત |
|---|---|---|---|---|---|---|
| અમિતસિંહ રાજપુત | 2021 | 4.16 લાખ | 45 હજાર | નથી | નથી | 1 ફ્લેટ (11.33 લાખ) |
| | 2026 | 2.41 લાખ | 3.39 લાખ | 15.20 લાખ (પોતે) + 60.80 લાખ (પત્ની) | કાર + મોપેડ | બંગલો ભાગીદારી + ફ્લેટ + 3 દુકાન |
| દક્ષેશ માવાણી | 2021 | 3.61 લાખ | 3.73 લાખ | 3.37 લાખ | ઉલ્લેખ નથી | 2 ફ્લેટ (કતારગામ) |
| | 2026 | 13.70 લાખ | 18.83 લાખ | 5.35 લાખ + 4.97 લાખ જ્વેલરી | કાર | 99.50 લાખની કોમર્શિયલ મિલકત |
| રાજન પટેલ | 2021 | 31.51 લાખ | ઉલ્લેખ નથી | 5.94 લાખ (પોતે) + 16.82 લાખ (પત્ની) | મોંઘી કારો | જમીન (ઓલપાડ, નવસારી, ભરૂચ) |
| | 2026 | 53.57 લાખ | ઉલ્લેખ નથી | 21 લાખ (પોતે) + 59.58 લાખ (પત્ની) | મર્સિડીઝ, ફોર્ચ્યુનર, વગેરે | દુકાનો, પ્લોટ અને અન્ય વધારાની મિલકતો |

# વેદાંત સ્કૂલની વિદ્યાર્થિનીનું વેસુમાં અકસ્માતમાં મોત

**ડિંડોલીમાં** ઘરેથી મોર્નિંગ વોક માટે નીકળી હતી અને મિત્રો સાથે ડુમસ ગઇ હતી

**20** તારીખે જ ઘર શિફ્ટ કરી નવા મકાનનું વાસ્તુ કર્યું હતું

સુરતઃ ડિંડોલીની 19 વર્ષીય યુવતી આજે સવારે વોકિંગ કરવા જાઉં છું તેમ કહીને ઘરેથી નીકળી હતી. ત્યારબાદ મિત્રો સાથે ડુમસ ચાલી ગઈ હતી. ઘરે પરત આવતી વખતે વેસુ શ્યામ મંદિર પાસે વાહન ચાલકે તેઓની બાઈકને અડફેટે લેતા તેનું મોત થયું હતું.

અલથાણ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ કર્ણાટકના વતની જયેશભાઈ સિરસી હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા સાન્વી બેંગ્લોઝમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. જયેશભાઈ ફેબ્રિકેશનની દુકાનમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 19 વર્ષીય અનેરી સ્થાનિક વિસ્તારમાં આવેલ વેદાંત વિદ્યાપીઠ સ્કૂલના ધોરણ 12 કોમર્સમાં અભ્યાસ કરતી હતી. હાલમાં તેએ બોર્ડની પરીક્ષા પણ આપી હતી. રવિવારે સવારે અનેરી વોકિંગ કરવા માટે જાય છે, તેમ કહીને ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ તે તેના જય અને નીલ નામના મિત્રો સાથે એક જ બાઈક પર ત્રણેય ડુમસ ફરવા માટે ગયા હતા. દરમિયાન સવારે 7 વાગ્યાના સુમારે તેઓ ઘરે પરત આવી રહ્યા હતા. ત્યારે વેસુ ખાટુ શ્યામ મંદિર પાસે અજાણ્યા વાહન ચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી. જેથી

અનુસંધાન પાના ૫ પર

# વર્ષ 2021માં ભાજપે બે વોર્ડમાં ડીપોઝીટ પણ ગુમાવી હતી

**જીતેન્દ્ર** સોલંકી માત્ર 396 મતોથી જીત્યા હતા

**અમિતસિંહ** રાજપૂતને સૌથી વધુ 28,000 મતની લીડ મળી હતી

સુરત : મહાનગરપાલિકાની વર્ષ 2021ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય જીત મેળવી હતી, પરંતુ દરેક વોર્ડમાં પરિસ્થિતિ સમાન નહોતી. કેટલાક વોર્ડમાં ભાજપે રેકોર્ડ તોડ લીડ મેળવી, તો કેટલાક વિસ્તારમાં કઠિન સ્પર્ધા અને ચોંકાવનારા પરિણામો સામે આવ્યા હતા.

ચૂંટણીના પરિણામો પર નજર કરીએ તો વોર્ડ નંબર 3માં ભાજપના ચારેય ઉમેદવારો દક્ષાબેન ખેની, ધર્મેશ સરસીયા, ભાવનાબેન દેવાણી અને ભાવેશ ડોબરીયાની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ હતી, જે પક્ષ માટે મોટો ઝટકો માનવામાં આવ્યો હતો. આ સાથે વોર્ડ નંબર 17માં પણ ભાજપના બે ઉમેદવારો ડિપોઝિટ બચાવી શક્યા નહોતા, જેનાથી તે વિસ્તારોમાં પક્ષની નબળાઈ સ્પષ્ટ દેખાઈ હતી. બીજી તરફ, વરાછા વિસ્તારમાં વોર્ડ નંબર 14 ભાજપે બચાવ્યો હતો. જેમાં વરાછામાં સૌથી વધુ દિનેશ જોધાણીએ 5660 મતોની નોંધપાત્ર લીડ મેળવી હતી.ભાજપના જીતેલા ઉમેદવારોમાં વ્યક્તિગત સૌથી વધુ લીડ વોર્ડ નંબર 26માં અમિતસિંહ રાજપૂતએ તો લગભગ 28 હજાર મતોની વિશાળ લીડ મળી હતી. જો કે ભાજપને વોર્ડના ચારેય ઉમેદવારોને સૌથી વધુ મત મળવાવો વિક્રમ વોર્ડ નંબર 10માં થયો હતો અહીં ભાજપને કુલ 1,39,666 મતો મળ્યા હતા, જ્યારે બીજા ક્રમે રહેલી આમ આદમી પાર્ટીને માત્ર 17,096 મતો મળ્યા હતા. બન્ને વચ્ચે 1,22,570 જેટલી વિશાળ લીડ નોંધાઈ હતી, જે શહેરની સૌથી મોટી લીડમાંની એક ગણાય છે. તેના વિપરીત, વોર્ડ નંબર

અનુસંધાન પાના ૫ પર

# સુરતમાં મીશો કંપની સાથે ૧.૩૫ કરોડની છેતરપિંડી

**બે** લોજિસ્ટિક્સ એજન્સીએ 33,035 પાર્સલ ગજવે કર્યા વાલ્મો કંપનીના વેન્ડર્સ અને ડિલિવરી એક્ઝિક્યુટિવ્સની મિલીભગત

સુરતઃ ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ 'મીશો' (Meesho) માટે લોજિસ્ટિક્સ સેવા પૂરી પાડતી કંપની સાથે સુરતમાં કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સ વેન્ડર્સ અને ડિલિવરી એક્ઝિક્યુટિવ્સે ભેગા મળીને અંદાજે ૧.૩૫ કરોડ રૂપિયાના પાર્સલ બારોબાર સગેવગે કરી નાખ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, મીશો કંપની માટે લોજિસ્ટિક્સનું કામ સંભાળતી 'વાલ્મો' કંપનીએ સુરતમાં વિવિધ વેન્ડર્સને કામ સોંપ્યું હતું. જેમાં ઉધનાની સ્પીડી લોજીક્સ (A1) અને અમદાવાદની AIM લોજીસ્ટિક્સ સર્વિસીસ (A2) નો સમાવેશ થાય છે. આ એજન્સીઓના સંચાલકો અને ડિલિવરી બોય્સે આર્થિક લાભ મેળવવાના સમાન ઇરાદે તા. ૦૧/૦૧/૨૦૨૪ થી ૨૫/૦૯/૨૦૨૫ દરમિયાન એક મોટું કૌભાંડ આચર્યું હતું. આ કૌભાંડીઓએ ઓટીપી (OTP) આધારિત ડિલિવરી સિસ્ટમની મર્યાદાઓનો દુરુપયોગ કર્યો હતો. તેઓ ગ્રાહકોને ઓછા પાર્સલ ડિલિવર કરતાં હતા, પરંતુ સિસ્ટમમાં ટેકનિકલ છેડછાડ કરી તમામ પાર્સલ ડિલિવર થઈ ગયા હોવાનું દર્શાવતા હતા. હકીકતમાં, બાકી વધેલા પાર્સલ આ એજન્સીઓ અને ડિલિવરી એક્ઝિક્યુટિવ્સ ગેરકાયદે રીતે પોતાની પાસે રાખી લેતાં હતા. તપાસમાં બહાર આવ્યું છે કે કુલ ૩૩,૦૩૫ જેટલા પાર્સલ ખોટી રીતે સિસ્ટમમાં 'ડિલિવર' બતાવીને ગાયબ કરી દેવામાં આવ્યા હતા. આ પાર્સલની અંદાજિત કિંમત રૂ.૧.૩૫ કરોડ જેટલી થાય છે. આ

અનુસંધાન પાના ૫ પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

**શ્રધ્ધાંજલી**

સારા કર્મોની સુવાસ સદા રહેશે
મીઠીવાણી હંમેશા યાદ રહેશે
ભલે અદશ્ય થયા હોય પરંતુ
આપની યાદ હંમેશા, અમારી સાથે રહેશે
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.

જનકસિંહ મોહનસિંહ ચાવડા(જમાઈ)
પ્રભાવિતબેન જનકસિંહ ચાવડા (પુત્રી)
પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ ઠાકોર
પાર્થલબેન પૃથ્વીરાજસિંહ ઠાકોર
હરજીતસિંહ જનકસિંહ ચાવડા
ડિમ્પલ હરજીતસિંહ ચાવડા
કિશી,વિહાન,ઈશી

સ્વ. નંદુબેન
પ્રભાતસિંહ ઠાકોર
સ્વ. તા. ૦૯-૦૪-૨૦૨૬



**પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સ્વ. શ્રીમતી દિવ્યાબેન હસમુખલાલ શાહ
સ્વ.તા. ૧૩-૦૪-૨૦૨૫

સતકાર્યો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી.
પ્રસન્નતા તમારૂ જીવન હતું, પરોકાર તમારૂ જીવન હતું.
આપના મહાન આત્માને સહુની વેદનાસભર શ્રદ્ધાંજલી.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ. સ્વ. હસમુખલાલ સકરચંદ શાહ (સુરજ)

અમીષ હસમુખલાલ શાહ
સૌરભ હસમુખલાલ શાહ
પાર્થલબેન ભાવેશભાઈ શાહ
વૈશાલી અમીષ શાહ
બિજલ સૌરભ શાહ
ભાવેશભાઈ મંગલદાસ શાહ

રીકેન - માન્યા - રૂશીન - અનુષ્કા
નૂપુર - મૌલિક - માસુમી - મિત - માનસ - વિયાના - ધિયાન

**દુઃખદ અવસાન/બેસણું**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન
શ્રી ભુપેન્દ્ર શંકરલાલ હાથીવાલા
નું તારીખ:- 11/04/2026 ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સ્મશાન યાત્રા:- તારીખ:- 13/04/2026 ના રોજ સવારે 11 વાગ્યે
નિવાસ સ્થળેથી નીકળી ને રામનાદ્યેલા સ્મશાનભૂમિ સુરત જશે.
સદગતનું બેસણું તારીખ:- 14/04/2026 ને મંગળવાર ના
રોજ સવારે 09:00 થી 11:00 કલાકે રાખેલ છે.
સ્થળ:- 'BPAH', ભરતીયા વિદ્યાસંકુલ,
શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત

લિ.

ગં. સ્વ. ઈલાબેન ભુપેન્દ્ર હાથીવાલા

રાજેન્દ્ર શંકરલાલ હાથીવાલા
પ્રિયા રાજેન્દ્ર હાથીવાલા
નિલકંઠ શંકરલાલ હાથીવાલા
માધવી નિલકંઠ હાથીવાલા
નયન રાજેન્દ્ર હાથીવાલા
હસ્મિતા નયન હાથીવાલા
ઝંખના યશપાલ વખારીયા
યશપાલ મહેશભાઈ વખારીયા
શ્વેતા સુનિલ ધમણવાલા
સુનિલ સુરેશભાઈ ધમણવાલા
દિવ્યા નિલેશ વખારીયા
નિલેશ ઈન્દ્રવદન વખારીયા

પૌત્રો:- કીવા, નિષ્કા, ધ્વનય, યોહાન, વેદાંશ

સમસ્ત હાથીવાલા પરિવાર